રાજકોટ મહાનગરપાલિકા
ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ સરકારશ્રીના મીનીમમ વેજીસના ધોરણે રોજમદાર સફાઇ કામદારો(પાર્ટ ટાઇમ)ની તા.૧૮/૦૮/૨૦૨૦, મંગળવાર, સમય ૧૬:૦૦ કલાક સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જગ્યાનું નામ	કુલ જગ્યા
૧	રોજમદાર સફાઇ કામદાર (પાર્ટ ટાઇમ)	૪૪૧
	કુલ	૪૪૧
	પગાર	પગાર સરકારશ્રીના વખતો વખતના બિન કુશળ કામદારના મીનીમમ વેજીસના ધારાધોરણ મુજબ
	વયમર્યાદા	વયમર્યાદા : ૧૮ થી ૪૦ વર્ષ
	અન્ય લાયકાત	• ઉમેદવાર અને તેનો પરિવાર ઓછામાં ઓછા ૨૦ કે તેથી વધુ વર્ષથી રાજકોટ શહેરનો રહેવાસી હોવો જોઇએ. • ઉમેદવારના માતા / પિતા / દાદા / દાદી રાજકોટ મહાનગરપાલિકામાં સફાઇ કામદાર રહી ચુકયા હોય તેમને જ પસંદગી આપવામાં આવશે. • ઉમેદવારના પરિવારના કોઇપણ વ્યક્તિ સરકારી/અર્ધ સરકારી, પબ્લિક સેકટર યુનિટમાં નોકરી ન કરતા હોવા જોઈએ.

1. ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતે ઓફિસના સમય દરમ્યાન તા.૨૧/૦૭/૨૦૨૦ થી તા.૧૭/૦૮/૨૦૨૦ સુધીમાં નિયત અરજી ફોર્મ (નિ-શુલ્ક) મેળવવાનું રહેશે.

2. રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતેથી ઓફિસ સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૦૪:૦૦ દરમ્યાન તા.૨૮/૦૭/૨૦૨૦ થી તા.૧૮/૦૮/૨૦૨૦ સુધીમાં જરૂરી આધાર પુરાવા સાથેનું ભરેલ અરજી ફોર્મ જમાં કરાવવાનું રહેશે.

3. ઉમરના પુરાવા તરીકે જન્મનો દાખલો/સ્કુલ લિવીગ સર્ટી.ફિકેટની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

4. રાજકોટ શહેરમાં ૨૦ કે તેથી વધુ વર્ષથી રહેતા હોવાના પુરાવા તરીકે ડોમીસાઇલ સર્ટીફિકેટ તેમજ જે તે વિસ્તારના કોર્પોરેટરશ્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.

5. ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરપાલિકામાં સફાઇ કામદાર રહી ચુકયા હોય, તેના પુરાવા રૂપે પેન્શન બુકની ખરી નકલ અથવા રાજકોટ મહાનગરપાલિકાનાં કાયમી સફાઈ કામદાર તરીકેની પગાર સ્લીપની ખરી નકલ તેમજ પેન્શન બુકમાં/પગાર સ્લીપમાં દર્શાવેલ વ્યક્તિ સાથેનો ઉમેદવારનો સંબંધ પુરવાર દર્શાવતા વારસાંઇ આંબાની ખરી નકલ રજુ કરવાની રહેશે

6. ઉમેદવારના પરિવારના કોઇપણ વ્યક્તિ સરકારી, અર્ધ-સરકારી કે પબ્લીક સેકટર યુનિટમાં નોકરી ન કરતા ન હોય, તે માટેનું નિયત કરેલ નમુના મુજબનું નોટરાઇઝડ (રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર) સોંગદનામું રજુ કરવાનું રહેશે.

7. ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની જરૂરી આધાર-પુરાવા સાથેની જ અરજી સ્વીકારવામાં આવશે.

8. વયમર્યાદા માટે અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ઉમરની ગણતરી કરવામાં આવશે.

9. ઉમેદવારોએ ડોકયુમેન્ટ વેરીફીકેશન અર્થે જે સમયે અને સ્થળે ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ મળવા જણાવવામાં આવે ત્યારે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે અન્યથા તેની ઉમેદવારી રદ થવા પાત્ર થશે.

10. ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ પાત્રતા ધરાવતા ઉમેદવારોમાંથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરી, ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

11. ભરતી પ્રક્રિયાનું કોઈપણ ફોર્મ કે સમગ્ર ભરતી પ્રક્રિયા કોઈપણ તબક્કે રદ કરવા અંગેની સંપૂર્ણ સત્તા રાજકોટ મહાનગરપાલિકા રહેશે જે તમામ ઉમેદવારોને બાધ્ય રહેશે. કાનૂની કાર્યવાહીના કિસ્સામાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

12. વધુ માહિતી માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રીજો માળ, રૂમ નં.-૨ નો સંપર્ક કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા